# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## જા.ક્ર. ૨૦૯/૨૦૨૨૨૩ – વર્ક આસીસ્ટન્ટ,વર્ગ–૩ ના

## ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી માટે અગત્યની જાહેરાત

મંડળની જા.ક્ર. **૨૦૯/૨૦૨૨૨૩ –** વર્ક આસીસ્ટન્ટ, વર્ગ–૩ સંવર્ગની સ્પર્ધાત્મક લેખિત કસોટીને અંતે ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટસ આધારે પસંદગી / પ્રતિક્ષા યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓને અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવાના થાય છે તેવા ઉમેદવારોના મુખ્ય પરિક્ષાના બેઠક ક્રમાનુસાર ની યાદી તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. મંડળે ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી તા.૧૦/૦૧/૨૦૨૪ થી તા.૧૨/૦૧/૨૦૨૪ દરમ્યાન અને તા.૧૬/૦૧/૨૦૨૪ થી તા.૧૮/૦૧/૨૦૨૪ દરમ્યાન કરવાનો નિર્ણય લીધેલ છે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

અસલ પ્રમાણપત્રોની ચકાસણીનો કાર્યક્રમ અને તે સંબંધેની ઉમેદવારો માટેની સુચનાઓ નીચે દર્શાવ્યા મુજબ છે. મંડળ દ્વારા તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ જાહેર કરેલ યાદીમાં દર્શાવેલ સીરીયલ નંબર (Sr. No.) અનુસાર ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવાના આવનાર છે, જે તમામ ઉમેદવારોને ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

## પ્રમાણપત્રોની ચકાસણીનો કાર્યક્રમ

**સ્થળઃ કમિટિ હોલ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં. ૨, પ્રથમ માળ, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેકટર– ૧૦–એ, ગાંધીનગર**

| અ.નં. | જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | ઉમેદવારોના સીરીયલ નંબર | પ્રમાણપત્રોની ચકાસણીની તારીખ | સમય |
|---|---|---|---|---|
| ૧ | જા.ક્ર. ૨૦૯/૨૦૨૨૨૩, વર્ક આસીસ્ટન્ટ, વર્ગ–૩ | ક્રમ ૧ થી ૧૦૦ | ૧૦/૦૧/૨૦૨૪ બુધવાર | સવારે ૧૦–૦૦ કલાકે |
| | | ક્રમ ૧૦૧ થી ૨૦૦ | | બપોરે ૨–૦૦ કલાકે |
| ૨ | | ક્રમ ૨૦૧ થી ૩૦૦ | ૧૧/૦૧/૨૦૨૪ ગુરૂવાર | સવારે ૧૦–૦૦ કલાકે |
| | | ક્રમ ૩૦૧ થી ૪૦૦ | | બપોરે ૨–૦૦ કલાકે |
| ૩ | | ક્રમ ૪૦૧ થી ૫૦૦ | ૧૨/૦૧/૨૦૨૪ શુક્રવાર | સવારે ૧૦–૦૦ કલાકે |
| | | ક્રમ ૫૦૧ થી ૬૦૦ | | બપોરે ૨–૦૦ કલાકે |

| | | | | |
|---|---|---|---|---|
| **૪** | | **ક્રમ ૬૦૧ થી ૭૦૦** | **૧૬/૦૧/૨૦૨૪ મંગળવાર** | **સવારે ૧૦–૦૦ કલાકે** |
| | | **ક્રમ ૭૦૧ થી ૮૦૦** | | **બપોરે ૨–૦૦ કલાકે** |
| **૫** | **૨૦૯/૨૦૨૨૨૩, વર્ક આસીસ્ટન્ટ, વર્ગ–૩** | **ક્રમ ૮૦૧ થી ૯૦૦** | **૧૭/૦૧/૨૦૨૪ બુધવાર** | **સવારે ૧૦–૦૦ કલાકે** |
| | | **ક્રમ ૯૦૧ થી ૧૦૦૦** | | **બપોરે ૨–૦૦ કલાકે** |
| **૬** | | **ક્રમ ૧૦૦૧ થી ૧૧૦૦** | **૧૮/૦૧/૨૦૨૪ ગુરૂવાર** | **સવારે ૧૦–૦૦ કલાકે** |
| | | **ક્રમ ૧૧૦૧ થી ૧૧૭૩** | | **બપોરે ૨–૦૦ કલાકે** |

## સૂચનાઓઃ–

(૧) મંડળ દ્વારા તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ જાહેર કરેલ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને અંતે લાયક ઠરેલ ઉમેદવારોની સંખ્યા અને જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઇઝ ભરવાની થતી જગ્યાઓની વિગતો ધ્યાને લઇ ઉમેદવારોએ સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં મેળવેલ ગુણના મેરીટસ આધારે કેટેગરી પ્રમાણે પસંદગી યાદી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૨) ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી ઉપર દર્શાવેલ કાર્યક્રમ મુજબ કરવામાં આવનાર છે. તે માટે સંબંધિત ઉમેદવારોને રૂબરૂ ઉપસ્થિત રહેવાની જાણ કરતા વ્યક્તિગત પત્રો અલગથી **SPEED-POST** મારફત રવાના કરવામાં આવી રહેલ છે. ઉકત પત્રો, પ્રમાણપત્રોની ચકાસણીની સંબંધિત તારીખ પહેલાં ટપાલમાં મળેલ ન હોય તો પણ ઉમેદવારોએ કાર્યક્રમમાં દર્શાવેલ નિયત તારીખ અને સમયે નીચે દર્શાવ્યા મુજબના વય, જાતિ, શૈક્ષણિક લાયકાત વગેરેના અસલ તેમજ પ્રમાણપત્રોની બે–બે ઝેરોક્ષ નકલના સેટ સાથે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે. આપ નિયત તારીખે અને સમયે ઉપસ્થિત નહી રહો તો આપ વર્ક આસીસ્ટન્ટ, વર્ગ–૩ ની જગ્યાએ જોડાવા ઇચ્છતા નથી તેમ માનીને મંડળ દ્વારા આપને કોઇપણ પ્રકારની જાણ કર્યા વગર આગળની ભરતી પ્રક્રિયામાંથી પડતા મુકવામાં આવશે. તેમજ આપે ઉકત પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટસ આધારે આપ પસંદગી યાદીમાં સ્થાન મેળવવાપાત્ર હશો તો પણ આપનો તે હક્ક આપોઆપ રદ થયેલ ગણવામાં આવશે અને તે સામેની આપની કોઇ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવા પણ જણાવવામાં આવે છે.

(૩) અનિવાર્ય સંજોગોમાં ઉમેદવાર આ કાર્યક્રમમાં હાજર રહી શકે એમ ના હોય તો તેઓ તેમના વાલીને સંમતિપત્રક સાથે મોકલી પ્રમાણપત્રોની ચકાસણી કરાવી શકે છે. આ સાથે સામેલ નિયત નમુનાનું સંમતિ પત્રક વાલી સાથે મોકલવાનું ફરજીયાત છે.

(૪) વર્ક આસીસ્ટન્ટ, વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ માર્ગ અને મકાન વિભાગના નિયંત્રણ હેઠળના કુલ–૧૩ જેટલા વિવિધ વર્તુળો અને કચેરી હસ્તક હોઈ, તે માટે ઉમેદવારો પાસેથી પસંદગી ક્રમ લેવાના થાય છે. જેના માટે મંડળે નિયત કરેલ ફોર્મ Annexure: A આ સાથે મૂકવામાં આવેલ છે. આ ફોર્મની પ્રિન્ટ આઉટ કાઢીને તેમાં તમામ ઉમેદવારોએ નિયત વિગતોસહ પોતાનો પસંદગી ક્રમ દર્શાવવાનો રહેશે તથા પ્રમાણપત્રોની

ચકાસણી સમયે તે ભરેલું ફોર્મ અચૂક પોતાની સાથે લાવવાનું રહેશે. મંડળ દ્વારા મેરીટ મુજબ ઉમેદવારોએ દર્શાવેલ અગ્રતાક્રમને ધ્યાને લઈ વર્તુળ/કચેરીની ફાળવણી કરવામાં આવશે.

(૫) ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી પૂર્ણ થયા બાદ આખરી પરિણામ પ્રસિદ્ધ થયેથી મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેલ તમામ ઉમેદવારોએ મેળવેલ માર્કસની વિગતો મંડળની વેબસાઇટ પરથી જોઇ શકાશે. તેથી આખરી પરિણામ પ્રસિદ્ધ થયા પહેલાં માર્કસ જાણવા અંગેની કોઇ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની તમામ ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.

(૬) ઉમેદવાર, ઉપર દર્શાવેલ યાદીમાં પોતાના નામના સમાવેશ માત્રથી તેઓનો પસંદગી યાદીમાં સમાવેશ માટેનો કોઇ હક્ક દાવો કરી શકશે નહીં.

(૭) જે ઉમેદવારો વર્ક આસીસ્ટન્ટ, વર્ગ–૩ ની જગ્યાએ જોડાવવા માંગતા ના હોય અને પ્રમાણપત્રોની ચકાસણીમાં ઉપસ્થિત રહેવા માંગતા ન હોય તેવા ઉમેદવારોએ લેખિતમાં મંડળને જાણ કરવાની રહેશે.

(૧) મંડળ તરફથી મળેલ પત્ર, ૨ – પાસપોર્ટ સાઇઝના ફોટા, આઇ.ડી. પ્રુફ

(૨) જન્મ તારીખના પુરાવા માટેઃ– શાળા છોડયાનો દાખલો
અને ધોરણ – ૧૦ નું પ્રમાણપત્ર/માર્કશીટ જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય.

(૩) શૈક્ષણિક લાયકાતમાં દર્શાવેલ ડિપ્લોમા/ આઇટીઆઇની છેલ્લા બે સેમેસ્ટરની માર્કશીટ અને પ્રમાણપત્ર

(૪) જાહેરાતમાં દર્શાવ્યા મુજબ આઇટીઆઇ બાદ મેળવેલ અનુભવનું પ્રમાણપત્ર

(૫) અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનો દાખલો.

(૬) **S.E.B.C**. ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર તેમજ નાણાંકીય વર્ષ ૨૦૧૯–૨૦૨૦, ૨૦૨૦–૨૦૨૧, ૨૦૨૧–૨૦૨૨ ની આવકના આધારે તા. ૦૧/૦૪/૨૦૨૦ થી તા. ૩૦/૦૬/૨૦૨૨ દરમ્યાન ઇસ્યૂ થયેલ નોન– ક્રિમિલેયર પ્રમાણપત્ર.

(૭) આર્થિક રીતે નબળા (**EWS**) વર્ગના ઉમેદવારોએ પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી તા. ૩૦/૦૬/૨૦૨૨ ની સ્થિતિએ ત્રણ વર્ષ થયેલ ન હોય તેવું આર્થિક રીતે નબળા (**EWS** ) વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર

(૮) કોમ્પ્યુટરની જાણકારી અંગેનું પ્રમાણપત્ર

(૯) સ્પોર્ટસ ઉમેદવારો માટે નિયત રમતો પૈકીની રમતમાં નિયત કક્ષા (રાષ્ટ્રીય/ આંતર રાષ્ટ્રીય કક્ષા **અથવા** આંતર યુનિવર્સિટી **અથવા** અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં) એ પ્રતિનિધિત્વ કરેલ હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું નિયત નમૂનાનું પ્રમાણપત્ર **(**જોડાણ–ગ, નમૂના ફોર્મ–૧, ફોર્મ–૨, ફોર્મ–૩, ફોર્મ–૪, આ તમામ ફોર્મ્સ મંડળની વેબસાઇટ પર ઉમેદવારની ઉપયોગિતાઓમાં રમત ગમતના ઉમેદવારો માટે સેક્શનમાં ઉપલબ્ધ છે.**)**

(૧૦) ઉમેદવારે પસંદગી ક્રમ દર્શાવ્યા સાથેનું **Annexure: A** મુજબનું ફોર્મ

સ્થળઃ ગાંધીનગર

તારીખઃ ૦૩/૦૧/૨૦૨૪

(હસમુખ પટેલ)
સચિવ

# ANNEXURE : A

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

જાહેરાત ક્રમાંકઃ- ૨૦૯/૨૦૨૨૨૩, વર્ક આસીસ્ટન્ટ, વર્ગ-૩, સંવર્ગની સીધી ભરતીમાં પસંદગી/ પ્રતિક્ષા યાદીમાં સ્થાન મેળવવા પાત્ર ઉમેદવારો માટે માર્ગ અને મકાન વિભાગના નિયંત્રણ હેઠળના જુદા-જુદા વર્તુળો/કચેરીઓમાં ફાળવણી માટેનો વિકલ્પ પસંદગી ક્રમ આપવા અંગેનું ફોર્મ.

| ક્રમ | વર્તુળ/ કચેરીનું નામ | પસંદગીનો ક્રમ |
|---|---|---|
| ૧ | અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ) વર્તુળ, અમદાવાદ. | |
| ૨ | અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ) વર્તુળ, મહેસાણા. | |
| ૩ | અધિક્ષક ઇજનેરશ્રી, અમદાવાદ શહેર વર્તુળ. | |
| ૪ | અધિક્ષક ઇજનેરશ્રી, યાંત્રિક(મા.મ) વર્તુળ, અમદાવાદ. | |
| ૫ | અધિક્ષક ઇજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર. | |
| ૬ | અધિક્ષક ઇજનેરશ્રી, વિદ્યુત(મા.મ) વર્તુળ, ગાંધીનગર. | |
| ૭ | અધિક્ષક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ, વર્તુળ, ગાંધીનગર. | |
| ૮ | નિયામકશ્રી, ઉપવન બગીચા તંત્ર, ગાંધીનગર. | |
| ૯ | અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ) વર્તુળ, વડોદરા. | |
| ૧૦ | અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ) વર્તુળ, સુરત. | |
| ૧૧ | અધિક્ષક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ, વર્તુળ, વડોદરા. | |
| ૧૨ | અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ) વર્તુળ-૧, રાજકોટ. | |
| ૧૩ | અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ) વર્તુળ-૨, રાજકોટ | |

નોધઃ- આપે દર્શાવેલ પસંદગી ક્રમ આપે સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં મેળવેલ માર્કસના મેરીટસ કેટેગરી વાઇઝ ભરવાની થતી જગ્યા તેમજ નામ. સુપ્રિમ કોર્ટના **CA No. 4310-4311/2010 Union of India Vs. Ramesh Ram** ના કેસમાં નિયત થયેલ જોગવાઇને ધ્યાને લઇ વિભાગ/ખાતાના વડાની ફાળવણી કરવામાં આવશે.

એક વખત વિકલ્પ આપ્યા પછી કોઇપણ સંજોગોમાં બદલી શકાશે નહી તેમજ જગ્યાઓ ખાલી થવાના કારણોસર પ્રતિક્ષા યાદીમાંથી ઉમેદવારોના નામોની ભલામણ કરવાના સંજોગોમાં પસંદગી યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે Re-shuffling કરવામાં આવશે નહીં.

(૧) નામઃ- ........................................................................................

(૨) બેઠક ક્રમાંકઃ- ..............................................................................

(3) પ્રમાણપત્ર ચકાસણી ક્રમઃ- ..................................................................

(૪) પ્રમાણપત્ર ચકાસણી તારીખઃ- ..............................................................

ઉમેદવારની સહી

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

જાહેરાત ક્રમાંક : **૨૦૯/૨૦૨૨૨૩ – વર્ક આસીસટન્ટ,** વર્ગ-૩ સંવર્ગની, જગાઓ સીધી ભરતીથી ભરવા અન્વયે પ્રમાણપત્રોની ચકાસણીમાં ઉપસ્થિત ન રહી શકનાર ઉમેદવારો માટે

**ઉમેદવારનું સંમતિપત્રક**

હું, શ્રી................................................................................., સરનામું : ............................................................................................. સ્પર્ધાત્મક લેખિત કસોટી બેઠક નં. ................................................ આથી સંમતિ આપું છું કે, ........................................................ કારણોસર (આ અંગેનો પુરાવો આ સાથે સામેલ છે.) પ્રમાણપત્રોની ચકાસણી અને ખાતા પસંદગી કાર્યક્રમમાં રૂબરૂ ઉપસ્થિત રહી શકું તેમ ન હોઇ, મારા વાલી–પિતા/માતા/ભાઇ/બહેન શ્રી ......................................................, ઓળખના પુરાવા ................................................ નંબર...................................... ને પ્રમાણપત્રોની ચકાસણીમાં રૂબરૂ ઉપસ્થિત પ્રમાણપત્રોની ચકાસણી કરાવવા અને વિવિધ વર્તુળો અને કચેરીઓના પસંદગી ક્રમ (પ્રેફરન્સ) આપવા માટે હું સંમતિ આપું છું.

મારા વાલીએ આપેલ વિવિધ વર્તુળો અને કચેરીઓના પસંદગી ક્રમ (પ્રેફરન્સ) બાબતે ભવિષ્યમાં કોઇ હક્ક દાવો રજુ નહી કરું તેની હું લેખિતમાં ખાતરી આપું છું.

ઉમેદવારની સહી અને નામ

સ્થળ:

તારીખ:.

વાલીની સહી અને નામ

| ઉમેદવારનો ફોટો જેના પર ઉમેદવારે સહી કરવાની રહેશે | વાલીનો ફોટો જેના પર ઉમેદવારે સહી કરવાની રહેશે |
|---|---|